


# ARTS COLLEGE FATEPURA

## N.S.S.

### ANNUAL CAMP

### VANUE-SHABARI ASHRAM ZALOD

### DATE:23/02/23 TO 01/03/23

### NSS PROGRAMME OFFICER -DR.DESHALRAJBA L.RATHOD

તા- ૨૩/૦૨/૨૦૨૩

# ઉદ્ઘાટન સમારોહ





તારીખ ૨૩/૦૨/૨૦૨૩ નાં રોજ આર્ટ્સ કૉલેજ ફતેપુરા એન.એસ.એસ.યુનિટ દ્વારા વાર્ષિક શિબિરનું ૭ દિવસનું આયોજન શબરી આશ્રમ ઝાલોદ ખાતે કરવામાં આવ્યું છે. શિબિરના પ્રથમ દિવસે કોલેજના કેમ્પસમાં શિબિરમાં જનાર સ્વયંસેવકો 7 વાગે ભેગા થઇ ગયા અને ત્યારબાદ ૮ વાગે ફતેપુરાથી ઝાલોદ પહોચ્યા ત્યાં આશ્રમશાળાની બાળાઓ એ તિલક અને પુષ્પ દ્વારા દરેક સ્વયંસેવક અને કોલેજના સ્ટાફ મિત્રોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું ત્યારબાદ ઉદ્ઘાટન સત્ર શરૂ થયું





આ શિબિરમાં ઉદ્ઘાટન સમારંભમાં અતિથિ વિશેષ તરીકે ભીલ સેવા મંડળના પ્રમુખશ્રી શાંતિલાલ નીનામાસાહેબ ઉપસ્થિત રહ્યાં હતાં,શબરી આશ્રમ ઝાલોદના ગૃહમાતાશ્રીમતી મોહિનીબેન મછાર  તથા  કોલેજનાં કા.આચાર્યશ્રી ડૉ.મનહરભાઈ ચરપોટ, કૉલેજ સ્ટાફ તથા એન.એસ.એસ.નાં સ્વયંસેવકો અને આશ્રમની બાળાઓ જોડાયા  હતાં.સમારંભની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરી હતી.મહેમાનોનો પરીચય અને શાબ્દિક સ્વાગત કોલેજનાં આચાર્યશ્રી ડૉ.મનહરભાઈ ચારપોટે એ કર્યું હતું અને શિબીરની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.ત્યારબાદ ભીલ સેવા મંડળ ના પ્રમુખ શ્રી શાંતિલાલ નીનામા દ્વારા વિદ્યાર્થીઓ ને એન.એસ.એસ. માં જોડાઈ સેવા કાર્યમાં જોડવા માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. પ્રો.ઓફીસર દેશળરાજબા રાઠોડે N.S.S.ની વાર્ષિક શિબીર દરમિયાન કરવાની પ્રવૃત્તિઓની રૂપરેખા જણાવી હતી. આભારવિધિ પ્રો. એમ.એન.વ્યાસ સાહેબે કરી હતી,સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રો.ઓફીસર ડૉ.દેશળરાજબા રાઠોડે કર્યું હતું.ડૉ.યોગેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા રાષ્ટ્રગાન કરાવવામાં આવ્યું અને ત્યાર બાદ ઉદ્ઘાટન સત્રની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી .















ઉદ્ઘાટન સત્ર પૂર્ણ કર્યા પછી N.S.S.ના સ્વયંસેવકો દ્વારા બનાવેલું ભોજન  મેહેમાનો અને સ્વયંસેવકો સાથે લીધું.ત્યારબાદ થોડો વિશ્રામ કરી સ્વયંસેવકોની બેઠક કરાઈ જેમાંસ્વયંસેવકોના ગ્રુપ અને કમિટીઓની રચના કરીને  તેઓની દૈનિક કામગીરીની વહેચણી કરી દેવામાં આવી આ વર્ષની શિબીરની થીમ G-20 હતી તેના વિષે સ્વયંસેવકોને માહિતી અપાઈ.

પ્રથમ દિવસના બીજા સત્રમાં શબરી આશ્રમમાં શ્રમ કાર્ય કરવામાં આવ્યું. જેમાં એક પથ્થરની દીવાલ તૂટી ગઈ હતી તે પથ્થરો ગોઠવીને ફરી બનાવવામાં આવી. અને સાથે સાથે આશ્રમની પાછળની જમીનમાં ઝાડીઝાંખરા દુર કરી અને સફાઈ કરવામાં આવી. સાંજે સ્વયંસેવકોએ ભોજન બનાવ્યું તે જમ્યા બાદ બધા ભેગા થયા અને દિવસ દરમિયાનની કામગીરીની ચર્ચા કરવામાં આવી અને બીજા દિવસના કાર્યક્રમનું આયોજન થયું અને પ્રાર્થના કરી બધા સુવા માટે ગયા









તારીખ ૨૪/૦૨/૨૦૨૩ સ્વયંસેવકો ૫:૩૦ ઉઠી ગયા અને નિત્યક્રમ પતાવી સભાગૃહમાં એકત્રિત થયા દિવસની શરૂવાત પ્રાર્થનાથી કરી ત્યારબાદ મ્યુઝીક સાથે ઝુમ્બા એક્સસાઈઝ કરવામાં આવી જેમાં આશ્રમની બાળાઓ પણ અમારી સાથે જોડાઈ. ત્યારબાદ ચા-નાસ્તો કર્યો આજનું બીજું સેસન પેન્ટિંગનું હતુંઅમારી કોલેજનું એક મિશન છે. આદિવાસી સંસ્કૃતિ અને કલાનિ જીવંત રાખવી. આથી અને આજે આશ્રમને સુંદર બનાવવા માટે આદિવાસી વરલી પેઈન્ટીંગની શરૂવાત કરી જેમાં આદિવાસી ગ્રામ્ય જીવનના સુંદર ચિત્રોથી આશ્રમની દીવાલો શુસોભિત થઇ ત્યારબાદ ભોજનસમિતિ દ્વારા બનાવવામાં આવેલું ભોજન આરોગી થોડીવાર માટે બધાએ આરામ કર્યો










બપોર પછીના સેસનમાં અમે રેફરલ હોસ્પિટલ ઝાલોદની મુલાકાત માટે ગયા  ત્યાં વિદ્યાર્થીઓના બ્લડટેસ્ટ કરાવવામાં આવ્યા.  ત્યારબાદ હોસ્પિટલના દર્દીઓમાં ફળોનું વિતરણ કરવામાં આવ્યું. શ્રીમતી હેતલબેન પંડ્યા દ્વારા હોસ્પિટલની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી.  આ ઉપરાંત મેડીકલ કાઉન્સીલર હેતલબેન વણકર દ્વારા એઇડ્સ-HIV ની માહિતી મેડીકલ કાઉન્સીલર પ્રકાશભાઈ ડામોર દ્વારાટીબી વિશેની માહિતી આપવામાં આવી હતી  ઓક્સીજન પ્લાન્ટની પણ મુલાકાત લેવામાં આવી.ત્યારબાદ સ્વયંસેવકો આશ્રમ પરત ફર્યા અને સાંજનું ભોજન બનાવી સમૂહ ભોજન લીધું ત્યારબાદ આદિવાસી ગીતોનું આયોજન કર્યું જેમાં આશ્રમ અને કોલેજના વિદ્યાર્થીઓએ ખુબજ સાથે મળી આનંદ કર્યો ત્યારબાદ પ્રાર્થના કરી બધા સુવા માટે છુટા પડ્યા.













તારીખ ૨૫/૦૨/૨૦૨૩ સ્વયંસેવકો ૫:૩૦ ઉઠી ગયા અને નિત્યક્રમ પતાવી ૭:૩૦ સભાગૃહમાં એકત્રિત થયા આજે સમૂહ ધ્યાનનું આયોજન હતું. વિદ્યાર્થીઓએ એકાગ્રતા માટેનું નોનડાયમેન્સન ધ્યાન કરાવવામાં આવ્યું  ધ્યાનબાદચા-નાસ્તો કર્યો ત્યારબાદ આજે આશ્રમના ખેતરમાં ઘઉંનું વાવેતર હતું જેમાં આશ્રમની બાળાઓ આજે લણણી કરવાની હતી તો સ્વયંસેવકો પણ જોડાયા અને તેમણે આજે ખેતરનું શ્રમકાર્ય કર્યું  ત્યારબાદ એક સેસન આરોગ્યની જાળવણી વિષય પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું જેમાં ICTC મેડીકલ કાઉન્સીલર અનિલભાઈ ભુરીયા દ્વારા વિવિધ રોગો અને તે થવાના કારણો વિષયક વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી  ત્યારબાદ સ્વયંસેવકોએ બનાવેલું ભોજન આરોગ્યું અને  થોડો આરામ કરી અને ઝાલોદથી થોડે દુર આવેલા મંડલેસ્વર મંદિરે ગયા તેના પરિસરમાં થોડી સફાઈ કરી અને થોડીવાર બધા સાથે મળી રમતો રમ્યા ત્યારબાદ આશ્રમ પરત ફર્યા. ભોજન લીધું ત્યારબાદ આદિવાસી સમૂહનૃત્યનું આયોજન હતું જેમાં આજુબાજુની ૨ આશ્રમશાળાના બાળકો  અને સ્વયંસેવકો જોડાયા. ત્યારબાદ સુવા માટે ગયા.









તારીખ ૨૬/૦૨/૨૦૨૩ સ્વયંસેવકો ૫:૩૦ ઉઠી ગયા અને નિત્યક્રમ પતાવી ૭:૩૦ સભાગૃહમાં એકત્રિત થયા આજે સમૂહ યોગાસન અને પ્રાણાયામ કરવામાં આવ્યા મોહોનીબેન મછાર દ્વારા વિવિધ યોગાસન ના ફાયદા અને તેને કરવાની યોગ્ય પદ્ધતિની સમજ આપવામાં આવી સૂર્યનમસ્કાર પણ કરવામાં આવ્યા. ત્યારબાદ ચા-નાસ્તો કર્યો ત્યારબાદ આજેG-20 થીમ પર રેલીનું આયોજન કર્યું હતું. આ રેલી "One Earth , One Family, One Future ના સુત્રો સાથે ઝાલોદની બાઝાર સુધી ગયા અને વિશ્વ એકતાનો અર્થ લોકો સુધી પહોચાડ્યો ત્યારબાદ આશ્રમ પરત ફર્યા ત્યારબાદ વુમન એમ્પાવરમેન્ટ, વુમન હેલ્પલાઇન અને કેરિયર ડેવલોપમેન્ટ જેવા વિષયના ગાઈડન્સ માટેનું મુકુંદભાઈ પંચાલના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પછી મહેમાનો સાથે ભોજન લીધું. અને બપોર પછી થોડું આશ્રમના બગીચાનું કામ, આગળના દિવસોનું અધૂરા રહેલા ભીતચિત્રો પૂર્ણ કર્યા. સાંજે આજે આશ્રમની વિદ્યાર્થીઓ માટે અમે રમતોત્સવનું આયોજન કરું હતું જેમાં લીંબુ ચમચી

દોડ, ફુગ્ગા ફોડ, સંગીત ખુરસી જેવી સ્પર્ધાઓ કરી અને વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ પણ આપવામાં આવ્યા ત્યારબાદ ભોજન કરી આજે ભજનનું આયોજન કર્યું હતું ત્યારબાદ પ્રાર્થના કરી બધા સુવા માટે છુટા પડ્યા
























તારીખ ૨૭/૦૨/૨૦૨૩ સ્વયંસેવકો ૫:૩૦ ઉઠી ગયા અને નિત્યક્રમ પતાવી ૭:૩૦ આજે આશ્રમના પરિસરમાં એકત્રિત થયા આજે અમારા સ્વયંસેવકો અને આશ્રમની વિદ્યાર્થીનીઓ સાથે મળી  પ્રાર્થના, ધ્યાન , અને ત્યારબાદ ઝુમ્બા એક્સસાઈઝ કરી. પછી  ચા-નાસ્તો કરીને અને ઝાલોદમાં આવેલી વસંત મસાલા કમ્પનીની મુલાકાત માટે ગયા  આ માટે અમે 3 દિવસ પહેલા પરમીશન લઇ લીધી હતી  અને તેમણે અમને મંજુરી આપી હતી  વસંત મસાલા કમ્પનીમાં મશીન દ્વારા કઈ રીતે બધી પ્રોડક્ટ્સ બને છે તે બધાજ વિભાગો બતાવવામાં આવ્યા, હાઇજીનનો તે લોકો કેવો ખ્યાલ રાખે છે તે પણ અમે જોયું.  તે લોકોએ મસાલાના રોમટીરીયલ થી શરુ કરી પેકીંગ સુધીના બધા વિભાગો અમને બતાવ્યા  ત્યારબાદ અમે આશ્રમ પરત ફર્યા.  અને ભોજન કર્યું.  આજે સાંજે આજુબાજુની 3  આશ્રમ શાળાના બાળકો વચ્ચે મહેંદી અને રંગોળી હરીફાઈ રાખવામાં આવી હતી અમારા સ્વયંસેવકો પણ તેમણે ગાઈડ કરી રહ્યા હતા








તારીખ ૨૮/૦૨/૨૦૨૩ સ્વયંસેવકો ૫:૩૦ ઉઠી ગયા ત્યારબાદ આજે પ્રભાતફેરી માટે ગયા પરત ફરી નિત્યક્રમ પતાવી ૭:૩૦ આજે આશ્રમના પરિસરમાં એકત્રિત થયા અને સમૂહ પ્રાર્થના કરી ત્યારબાદ ચા-નાસ્તો કર્યો. આજે પ્રથમ સેસનમાં મહીસાગર નેચર એન્ડ એડવેન્ચર ફાઉન્ડેશન દ્વારા G-20 વિષયને આવરીને વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું મયુરભાઈ પ્રજાપતિ દ્વારા સ્નેક અવેરનેસ વિષય પર સુંદર વ્યાખ્યાન આપવામાં આવ્યું અને સાપ વિષયક લોકોમાં રહેલી અંધવિશ્વાસ અને માન્યતાઓને તોડવામાં આવી અને પ્રકૃતિનિ જાળવવા માટે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તે વિષય પર માહિતીસભર વ્યાખ્યાન રહ્યું.

સમાપન :- આજે સમાપન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં મુખ્ય મહેમાન પીટીસી કોલેજના પ્રિન્સીપાલ અનેEC મેમ્બર ડૉ. ગીતાબેન કોઠારી, શબરી આશ્રમના ગૃહમાતા મોહિનીબેન મછાર અને શ્રી અંબાલાલ વ્યાસ વિદ્યાલયનો સ્ટાફ તેમજ કસ્તુરબા આશ્રમ શાળાનો સ્ટાફ તેમજ અમારા કોલેજના પ્રિન્સીપાલ ડૉચરપોટ સાહેબ તેમજ સ્ટાફમિત્રો ઉપસ્થીત રહ્યા હતા. શિબિર દરમિયાનની દરેક પ્રવૃત્તિઓમાં 3 આશ્રમ શાળાઓના બાળકોને જોડવામાં આવ્યા હતાઅને તે વિદ્યાર્થીને વરલી પેઈન્ટીંગ ,સફાઈ, રંગોળી, ચિત્ર, મહેંદી,રમતો,ધ્યાન, યોગ, ઝુમ્બા એક્સસાઈઝ, વિવિધ વિષય પર વ્યાખ્યાન અને પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી આથી તેઓના સ્ટાફ અને ગૃહમાતા દ્વારા NSSની પ્રવૃત્તિઓને ખુબ બિરદાવવામાં આવી.સ્વયંસેવકો અને આશ્રમશાળાની બાળાઓ દ્વારા પ્રતિભાવો રજુ કરવામાં આવ્યા સમાપન સભામાં મહેમાનોનું શાબ્દિક સ્વાગતપ્રિ.ડૉ.ચરપોટ સાહેબ, મહેમાનોનો પરિચય ડૉ.ચૌહાણ સાહેબે અને NSS કોર્ડીનેટર દેશળરાજબા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.







તારીખ ૦૧/03/૨૦૨૩આજે શિબિરનો છેલ્લો દિવસ હતો આજે " આપણી સંસ્કૃતિ આપણી ધરોહર"-વિષય પર ઐતીહાસિક સ્થળના મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતુંતેનો આનંદ પણ હતો. આ સ્થળ રાજસ્થાનમાં આવેલું

ઐતીહાસિક સ્થળ અર્થુણા હતું. સવારે ૮ :00 વાગ્યે અમે ઝાલોદ આશ્રમ શાળાથી નીકળ્યા, આશ્રમ શાળાની બાળાઓએ ભારે હૃદયે વિદાય આપી  અને અર્થુણા જવા રવાના થયા  અર્થુણા પુરાતત્વીય  સ્થળ છે. વિદ્યાર્થીઓને પુરાતત્વ અને પ્રાચીન સ્મારકો વિષે સમજ આપી જેની જાળવણી માટે આપણે શું કરવું જોઈએ તે પણ સમજાવ્યુંપુરત્વીય સ્થળો આજે કઈ રીતે નષ્ટ થઇ રહ્યા છે, ગંદા થઇ રહ્યા છે, તે બચાવવા આપડે શું કરવું જોઈએ તે વિદ્યાર્થીનિ સમજાવવામાં આવ્યું પરિસરમાં સફાઈ કરવામાં આવી અને ત્યારબાદ  સાથે લઇ ગયેલું ભોજન જે સ્વયંસેવકોએ સવારે વેલા ઉઠીને બનાવ્યું હતું તે અમે જમ્યા. ત્યારબાદ પરિસરમાં આવેલા અન્ય સ્મારકોની અમે મુલાકાત લીધી અને પછી ફતેપુરા પરત ફર્યા



# "NOT ME BUT YOU"